**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૨.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરના પતંગ બજારને કોરોનાનું ગ્રહણ

## છેલ્લા બે વર્ષથી પતંગ બજારને કોરોનાનું ગ્રહણ : પતંગ બજારમાં અધધ ભાવ વધારો








ગાંધીનગર, તા.૧૧

ઉતરાયણના પર્વને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. તેમ છતા શહેરના પતંગ બજારમાં પતંગ રસીયાઓની ભીડ જામતી નથી. ત્યારે પતંગના ભાવમાં પણ આ વર્ષે તોંતિગ વધારો જોવા મળી રહ્યો છે. ખંભાતી સફેદ ચીલ આ વર્ષે ૮૦ અને અન્ય વિવિધ ફેન્સી પતંગનો કોડીનો ભાવ રૂ.૨૦૦ છે. જયારે ફુલ સાઈઝના મોટા પતંગના ૩૦૦ થી ૩૫૦ નો ભાવે વેચાય છે. જયારે આ વર્ષે વિવિધ માસ્ક, કેપ અને એર હોર્ન ટાઈપ બ્યુગલે બાળકોમાં સૌથી વધુ આકર્ષણ જમાવ્યું છે.

ઉતરાયણના દિવસો આકાશી પતંગ યુધ્ધ ખેલવા માટે રસીયાઓ અગાઉથી જ આયોજન કરી દેતા હોય છે. ગાંધીનગર શહેરના સેકટર-૭, સેકટર-૧૧, સેકટર-૨૧, ૨૨, અને સેકટર-૨૪ સહિત ન્યુ સરગાસણ, કુડાસણ સહિતના વિસ્તારમાં પતંગ ના સ્ટોલ લાગી ચુક્યા છે. છેલ્લા બે વર્ષથી પતંગ બજારને કોરોનાનું ગ્રહણ નડ્યું હતું. ત્યારે આ વર્ષે પતંગ બજારને કોરોનાનું ગ્રહણ કે મંદી નડશે નહી તેમ લાગી રહ્યું છે. તેમ છતા બજારમાં પતંગ કે દોરીની ખરીદી માટે ગ્રાહકો દેખાતા નથી. જયારે કોરોનાને પગલે પતંગ બજારમાં દોરી-પતંગના ભાવ આસમાને પહોંચ્યા છે. બજારમાં ૩૦ થી ૪૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. ગત વર્ષ ખંભાતી સફેદ ચીલ પતંગ એક કોડીનો ભાવ ૫૦ થી ૬૦ હતો તે વધીને આ વર્ષે ૮૦ થી ૯૦ થઈ ગયો છે. જયારે રોકેટ, આંખે, નવરંગ, ચાંદો, ચટ્ટાપટ્ટા, સહિતના પતંગના કોડીના ભાવ ૯૦ થી ૧૨૦ હતા, જે વધીને ૧૬૦ થી ૨૦૦ ના ભાવે વેચાઈ રહ્યા છે. તે ઉપરાંત ફુલ સાઈઝના મોટા ઢાલ પંજાના ૨૫૦ થી ૩૫૦ છે. તો બીજીતરફ માર્કેટમાં સુરતીમાંજામાં ભગવાનદાસ, યુસુફ અને શીવમની તૈયાર ફીરકી વેચાઈ રહી છે. જેમાં શીવમ ૨૫૦૦ વાર દોરી કિં.૪૫૦, ૫ હજારવાર દોરી કિં.૯૫૦, ૨ હજારવાર દોરી ૪૦૦ તેમજ ૧ હજારવારના રૂ.૧૫૦માં તૈયાર ફીરકી બજારમાં હાજર સ્ટોકમાં છે. જયારે બાળકો માટે અવનવી ફેન્સી પતંગો સહિત ગોગલ્સ, કેપ, અવનવા માસ્ક, બ્યુગલ, એરહોર્ન બ્યુગલ, સહિત રૂ.૧૦૦ થી લઈ રૂ.૧૫૦માં વેચાય છે. ત્યારે હાલના સમયે સુમસામ લાગતા પતંગ બજારમાં છેલ્લા દિવસમાં ઘરાકી ખુલશે તેવુ વેપારીઓ માની રહ્યા છે.

## જન્મદિને વધામણી



**દક્ષા જાદવ**
(સેક્રેટરી) લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



**ભરતકુમાર સી. શાહ**
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



**કજરી હરેશભાઈ આચાર્ય**
મો. ૯૮૨૪૯ ૯૨૨૪૭
મો. ૯૪૦૮૩ ૨૧૯૨૭



**ખાંટ વ્રજ અરવિંદ**
મો. ૮૮૪૯૦ ૫૮૩૪૭



**નિહાન વિકાસ શાહ**
મો. ૯૪૦૯૫ ૪૧૫૮૪




મકરસંક્રાંતિનું પર્વ એ અબોલ જીવો માટે દાન પુણ્ય કરવાનું પર્વ હોવાનું મહત્ત્વ ધરાવે છે. આ સમયગાળા દરમ્યાન શ્રધ્ધાળુઓ દ્વારા શ્વાન માટે લાડું-લાપશી તેમજ ગૌધન માટે લીલાચારો જીરવવાનું પુણ્ય કાર્ય કરવામાં આવતું હોય છે. ગાંધીનગરના સેક્ટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સોસાયટીની મહિલાઓ દ્વારા શ્વાન માટે લાડવા બનાવવામાં આવ્યાં હતા જે માટે વસાહતીઓએ સ્વૈચ્છિક રીતે ફાળો ઉઘરાવી આયોજન કરવામાં આવ્યું હતું.



વડાપ્રધાનની સુરક્ષા બાબતે પંજાબમાં કોંગ્રેસ સરકાર દ્વારા થયેલી ચૂકને અનુલક્ષીને ભાજપ દ્વારા દેખાવો યોજવામાં આવી રહ્યાં છે. ભાજપ ગાંધીનગર મહાનગર વોર્ડ નં.૮ના મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી શતાયુ થાય તેના માટે વોર્ડમાં રામધુનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં મહિલા મોરચાની બહેનો તથા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યાં હતા.



ઉત્તરાયણ નિમિત્તે ગાય અને કૂતરાઓને ખવડાવવા માટે ઠેર ઠેર લાડુ બનાવવામાં આવી રહ્યા છે. પેથાપુર અને પાલૈયામાં મહાકાળી મહિલા મંડળ દ્વારા લાડુ બનાવી કુતરા અને ગાયોને ખવડાવવામાં આવ્યા હતા.

# ‘મિત્રો ગાંધીનગર’ની ‘મિત્રો સેવા’ની અનોખી શરૂઆત

## ગાંધીનગરની ‘મિત્રો ગાંધીનગર’ નામની ઇ-કોમર્સ મોબાઇલ એપ દ્વારા તેના ગ્રાહકો પાસેથી દાન કરવા મેળવેલી ચીજવસ્તુઓનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૧

‘આપનું નાનકડું દાન કોઈકની આવતીકાલ અજવાળી શકે છે’ તેવા કોન્સેપ્ટ સાથે ગાંધીનગરની એક ઈ-કોમર્સ કંપનીએ પોતાના ઓનલાઈન બિઝનેસ સાથે સેવાકાર્યને જોડવાનો એક નવો ચીલો ચાતર્યો છે. શહેરમાં તાજા શાકભાજી સહિત ગ્રોસરીની ચીજવસ્તુઓના ઓનલાઈન ઓર્ડરની હોમ ડિલિવરી કરતી ‘મિત્રો ગાંધીનગર’ નામની મોબાઈલ એપ દ્વારા છેલ્લા કેટલાક દિવસથી ‘મિત્રો સેવા’ લૉન્ચ કરવામાં આવી છે જે અંતર્ગત તેમના ગ્રાહકો પાસેથી ઓર્ડરની ડિલિવરી સમયે દાનમાં મેળવેલ ચીજવસ્તુઓને શહેરના જરૂરીયાતમંદ વર્ગના શ્રમજીવીઓમાં વિતરણ કરવાની સેવા પૂરી પાડવામાં આવે છે. આ અંતર્ગત તાજેતરમાં ‘મિત્રો સેવા વૉલિયન્ટર્સ’ દ્વારા શહેરના વિવિધ વિસ્તારની ઝૂપડપટ્ટીમાં પહેલું વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પાટનગરમાં ‘મિત્રો ગાંધીનગર’ નામની ઈ-કોમર્સ વેબસાઈટ www.mytro.in કાર્યરત છે જે શહેરીજનોને તેની મોબાઈલ એપ દ્વારા ઘરેબેઠાં કરિયાણું - પ્રોવિઝન સહિતની ગ્રોસરીની ચીજવસ્તુઓ તેમજ તાજા શાકભાજીના ઓનલાઈન ઓર્ડર મેળવી હોમ ડિલિવરી કરવાની સેવા પૂરી પાડે છે. ‘મિત્રો ગાંધીનગર’ દ્વારા તાજેતરમાં ‘મિત્રો સેવા’ નામનું એક યુનિક ફીચર લોન્ચ કરવામાં આવ્યું છે જે અંતર્ગત તેમના ગ્રાહકો જો પોતાના ઘરમાં પડેલી નકામી ચીજવસ્તુઓ જેવી કે ગરમ કપડાં, પુસ્તકો, ફળફળાદિ, ઘરવખરીની ચીજવસ્તુઓ કે બાળકોના રમકડાં કે અન્ય ઉપયોગી ચીજવસ્તુઓનું દાન કરવા ઈચ્છતા હોય તો તેને ઓર્ડરની ડિલિવરી કરવા આવેલ ડિલિવરી બોય દ્વારા સ્વીકારવામાં આવે છે. આ રીતે એકત્રિત કરેલી ચીજવસ્તુઓને ‘મિત્રો ગાંધીનગર’ દ્વારા ‘મિત્રો સેવા વૉલિયન્ટર્સ’ની ટીમ મારફત સમયાંતરે શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોમાં વિનામૂલ્યે વિતરણ કરવાની સેવા પૂરી પાડવામાં આવશે. ‘મિત્રો સેવા’ અંતર્ગત તાજેતરમાં પહેલુ વિતરણ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ‘મિત્રો સેવા વૉલિયન્ટર્સ’ની ટીમ દ્વારા જરૂરિયાતમંદોને કપડાં સહિતની ચીજવસ્તુઓ તેમજ શહેરની શેરીઓમાં રહેતા શ્વાન માટે ડોગ ફૂડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ‘મિત્રો ગાંધીનગર’ દ્વારા પોતાના ઓનલાઈન બિઝનેસ સાથે નાગરિકોને ઘરેબેઠાં સેવા કરવાની તક આપવાનો અનોખો ચીલો ચાતરવામાં આવ્યો છે.



# જરૂરિયાતમંદો માટે વિશ્વ પ્રવાસી સંઘની ધાબળા વિતરણની સેવા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃતીક સંઘના પ્રમુખ ઈલેવાન ઠાકર, ગંગા સમગ્રના પ્રદેશ સંયોજક અરૂણ રાજપૂત, મહિલા પ્રમુખ ભાવનાબેન પાઠક, મહામંત્રી કેતન જોશી, રશીલાબેન વસાવા, રિનાસિંહ રાજપૂત અને અભિરાજસિંહ રાજપુત દ્વારા હાલ શિયાળાની ઋતુને ધ્યાનમાં લઈને ગાંધીનગર શહેરમાં ઘર વિહોણા અને ફૂટપાથ પર રહેતાં ગરીબ બાળકો તથા વૃધ્ધ લોકોને કડકડતી ઠંડીમાં રાહત મળે તે હેતુસર ધાબળા આપવાની સેવાનું અભિયાન ચાલી રહ્યું છે. સંઘની ટીમ દ્વારા રાત્રે વિવિધ વિસ્તારોમાં ફરીને ગરીબ પરિવારોને ધાબાળા ઓઢાડવામાં આવી રહ્યાં છે. જે કોઈ વ્યક્તિને આવા જરૂરીયાતમંદ પરિવારોની જાણ થાય તો સંઘના પ્રમુખ ઈલેવાન ઠાકર ના મો.નં.૯૯૭૮૪ ૦૭૦૧૬ તથા મહિલા પ્રમુખ ભાવનાબેન પાઠક ૯૪૦૮૪ ૮૧૦૨૬ ઉપર જાણકારી આપવા જણાવાયું છે જેથી વિશ્વ પ્રવાસી અને સામાજીક સંઘ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા પહોંચાડી શકાય.



# રાસેયો શારીરિક શિક્ષણ સંસ્થા સાદરામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયમ સેવકો મોટી સંખ્યામાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી ઓનલાઈન કાર્યક્રમમાં જોડાયા મુખ્ય પ્રવચન શ્રી રજનીકાન્ત ભટ્ટ સાહેબે આપ્યું હતું જયારે સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું કાર્યક્રમની ભૂમિકા ડૉ. અરુણભાઈ ગાંધીએ આપી હતી આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયા નિભાવી હતી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું હતું જયારે કાર્યક્રમની આભાર વિધિ ડૉ. અરવિંદભાઈ રામીએ આપી હતી.

# કે.કે. વિદ્યાલય કોલવડા ખાતે બાળ ઉર્જા રક્ષક દળનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રીમતી ‘કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા ‘બાળ ઉર્જા રક્ષક દળ ૨૦૨૧-૨૨’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ અંતર્ગત સંસ્થામાંથી પધારેલ હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને ઉર્જા, ઉર્જાના સ્ત્રોતો, બચત વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે ક્વિઝ સ્પર્ધા યોજીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને અનુક્રમે ૮૦૦/-,૭૦૦/- અને ૫૦૦/- રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. છેલ્લે ‘ગુજરાત STEM ક્વીઝ’ ની બાળકોને વિસ્તૃત માહિતી આપી કાર્યક્રમ પુર્ણ કર્યો હતો.

ઉર્જા સંરક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય શ્રી ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક પટેલ નારાયણભાઈએ પ્રાર્થનાસભામાં શાળાના વિદ્યાર્થીઓને ઉર્જા સંરક્ષણ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ સાથે તમામ વિદ્યાર્થીઓને ઉર્જા સંરક્ષણ માટે સંકલ્પ કરાવી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.




# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદ વિશે ઑનલાઈન ક્વીઝ સ્પર્ધાનો પ્રારંભ




ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૯મી જયંતી નિમિત્તે રાજ્યવ્યાપી ઑનલાઈન ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨મી જાન્યુઆરી સુધીમાં કોઈ પણ વ્યક્તિ તેમાં ભાગ લઈ શકશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટwww.cugujarat.ac.in પર આ સ્પર્ધાની લીંક મૂકવામાં આવેલી છે. જેના પર કોઈ પણ વ્યક્તિ રજિસ્ટ્રેશન કરાવીને પ્રશ્નોના જવાબ આપી શકશે અને ઈ-મેઈલ પર સર્ટીફિકેટ મેળવી શકશે. યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણાથી આ સ્પર્ધા યોજવામાં આવી છે. કાર્યક્રમના મુખ્ય સંયોજક વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદ સમગ્ર રાષ્ટ્રના યુવાનો માટે આદર્શ હોવાથી, તેમના જીવન અને કાર્યોથી બાળકો-યુવાનો માહિતગાર થાય તેમજ પોતાનું જ્ઞાન વધારે તે હેતુથી આ સ્પર્ધા યોજવામાં આવી છે. ગુજરાતના વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ ઑનલાઈન ક્વીઝમાં જોડાઈને પોતાનું જ્ઞાન વધારે અને સાચા અર્થમાં સ્વામી વિવેકાનંદજીની જયંતીની ઉજવણી સાર્થક કરે તેવી અપીલ તેમણે કરી છે. આ ક્વીઝના કો-ઓર્ડિનેટર તરીકે ડૉ. મહેન્દ્ર પટેલ જવાબદારી સંભાળી રહ્યા છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. રાવત માલતી મુકેશકુમાર,** ઉ.વ. ૨૪, સે-૨૫, જીઆઈડીસી
- **સ્વ. દેસાઈ લીલાબેન જીવણભાઈ,** ઉ.વ. ૫૪,ગોકુલપુરા, સે-૧૪
- **સ્વ. વટીયા હીરાલાલ ભવાનભાઈ,** ઉ.વ. ૭૪, સેકટર-૨૭
- **સ્વ. પટેલ મહેશ ડાહ્યાભાઈ,** ઉ.વ. ૮૨, અડાલજ ત્રિમંદિર
- **સ્વ. ભરવાડ નયનાબેન કરમણભાઈ,** ઉ.વ. ૩૬, સે-૧૪, ગોકુલપુરા
- **સ્વ. ઠાકોર નરસિંહભાઈ માધાભાઈ,** ઉ.વ. ૪૨,પીંડારડા
- **સ્વ. બની જનાર્દન બાબુરાવ,** ઉ.વ. ૯૫, સેકટર-૨૩

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. પટેલ ઈશ્વરભાઈ સોમનાથ,** ઉ.વ. ૭૫, સરગાસણ
- **સ્વ. પ્રજાપતિ વિઠ્ઠલભાઈ પિતામ્બરદાસ,** ઉ.વ. ૫૯, સેકટર-૨૪
- **સ્વ. પટેલ કાન્તીલાલ જે.,** ઉ.વ. ૭૪, સરગાસણ
- **સ્વ. રાઠોડ શાંતાબેન નગીનભાઈ,** ઉ.વ. ૭૨, સેકટર-૪